**GUJARAT BILL NO. 1 OF 2024.**

# THE GUJARAT TENANCY AND AGRICULTURAL LANDS LAWS (AMENDMENT) BILL, 2024.

## *A BILL*

*further to amend the Gujarat Tenancy and Agricultural Lands Act, 1948, the Saurashtra Gharkhed, Tenancy Settlement and Agricultural Lands Ordinance, 1949 and the Gujarat Tenancy and Agricultural Lands (Vidarbha Region and Kutch Area) Act, 1958.*

**સન ૨૦૨૪નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૧ .**

**ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન કાયદા (સુધારા) વિધેયક, ૨૦૨૪.**

**ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન અધિનિયમ, ૧૯૪૮, સૌરાષ્ટ્ર ઘરખેડ, ગણોત વહીવટ પતાવટ અને ખેતીની જમીન વટહુકમ, ૧૯૪૯ અને ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન (વિદર્ભ પ્રદેશ અને કચ્છ ક્ષેત્ર) અધિનિયમ, ૧૯૫૮ વધુ સુધારવા બાબત વિધેયક.**

આથી, ભારતના ગણરાજ્યના પંચોતેરમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:-

**ટૂંકી સંજ્ઞા અને આરંભ.**

**૧.** (૧) આ અધિનિયમ ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૨૪ કહેવાશે.

(૨) તે, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશે.

**સન ૧૯૪૮નો મુંબઇના ૬૭મો.**

**સન ૧૯૪૮ના મુંબઇના ૬૭મા અધિનિયમની કલમ-૬૩કગ-નો સુધારો.**

**૨.** ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન અધિનિયમ, ૧૯૪૮માં, કલમ ૬૩કગ-માં, પેટા-કલમ (૧)માં, “ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૧૯ના આરંભથી એક વર્ષની અંદર, આવી જમીનને બિન-ખેતીવિષયક હેતુમાં

ફેરવવા માટે" એ શબ્દોને બદલે, "રાજ્ય સરકાર, વખતોવખત રાજપત્રમાં જાહેરનામાથી, નિર્દિષ્ટ કરે તેટલા સમયની અંદર, આવી જમીનને બિન-ખેતીવિષયક હેતુમાં ફેરવવા માટે" એ શબ્દો મૂકવા.

**સન ૧૯૪૯ના સૌરાષ્ટ્ર વટહુકમ ૪૧માની કલમ ૫૪ખ-નો સુધારો.**

**3.** સૌરાષ્ટ્ર ઘરખેડ, ગણોત વહીવટ પતાવટ અને ખેતીની જમીન વટહુકમ, ૧૯૪૯માં, કલમ ૫૪ખ-માં, પેટા-કલમ (૧)માં, "ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૧૯ના આરંભથી એક વર્ષની અંદર, આવી જમીનને બિન-ખેતીવિષયક હેતુમાં ફેરવવા માટે" એ શબ્દોને બદલે, "રાજ્ય સરકાર, વખતોવખત રાજપત્રમાં જાહેરનામાથી, નિર્દિષ્ટ કરે તેટલા સમયની અંદર, આવી જમીનને બિન-ખેતીવિષયક હેતુમાં ફેરવવા માટે" એ શબ્દો મૂકવા.

**સન ૧૯૪૯નો સૌરાષ્ટ્ર વટહુકમ ૪૧મો .**

**સન ૧૯૫૮ના મુંબઈના ૯૯મા અધિનિયમની કલમ ૮૯ગ-નો સધારો.**

**૪.** ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન (વિદર્ભ પ્રદેશ અને કચ્છ ક્ષેત્ર) અધિનિયમ, ૧૯૫૮માં, કલમ ૮૯ગ-માં, પેટા-કલમ (૧)માં, "ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૧૯ના આરંભથી એક વર્ષની અંદર, આવી જમીનને બિન-ખેતીવિષયક હેતુમાં ફેરવવા માટે" એ શબ્દોને બદલે, "રાજ્ય સરકાર, વખતોવખત રાજપત્રમાં જાહેરનામાથી, નિર્દિષ્ટ કરે તેટલા સમયની અંદર, આવી જમીનને બિન-ખેતીવિષયક હેતુમાં ફેરવવા માટે" એ શબ્દો મૂકવા.

**સન ૧૯૫૮નો મુંબઇનો ૯૯મો .**

## ઉદ્દેશો અને કારણો

હાલમાં, રાજ્યમાં ત્રણ જુદા-જુદા ગણોત વહીવટના કાયદા અમલમાં છે. ગુજરાત રાજ્યના મુંબઈ વિસ્તારમાં, ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન અધિનિયમ, ૧૯૪૮ અમલમાં છે, ગુજરાત રાજ્યના કચ્છ વિસ્તારમાં, ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન (વિદર્ભ પ્રદેશ અને કચ્છ ક્ષેત્ર) અધિનિયમ, ૧૯૫૮ અમલમાં છે, જ્યારે ગુજરાત રાજ્યના સૌરાષ્ટ્ર વિસ્તારમાં, સૌરાષ્ટ્ર ઘરખેડ, ગણોત વહીવટ પતાવટ અને ખેતીની જમીન વટહુકમ, ૧૯૪૯ અમલમાં છે.

ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન અધિનિયમ, ૧૯૪૮ની કલમ ૬૩કગ થી, બીજી બાબતોની સાથોસાથ એવી જોગવાઇ કરી છે કે સદરહુ જોગવાઇમાં જણાવેલી સંસ્થાઓ, આવી સંસ્થાઓ દ્વારા ૩૦મી જૂન, ૨૦૧૫ના રોજ અથવા તે પહેલાં પ્રસ્તુત જમીનની ખરીદી કરવામાં આવી હોય, તો બિન-કૃષિવિષયક હેતુ માટે જમીનનો હેતુ ફેરવવા (રૂપાંતરણ) ને લગતી અરજી કરવા હકદાર રહેશે. સૌરાષ્ટ્ર ઘરખેડ, ગણોત વહીવટ પતાવટ અને ખેતીની જમીન વટહુકમ, ૧૯૪૯ની કલમ ૫૪-ખ માં અને ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન (વિદર્ભ પ્રદેશ અને કચ્છ ક્ષેત્ર) અધિનિયમ, ૧૯૫૮ની કલમ ૮૯-ગ માં તેવી જ જોગવાઇઓ કરવામાં આવી છે.

તેમ છતાં, ૩૦મી જૂન, ૨૦૧૫ ના રોજ અથવા તે પહેલા ખરીદવામાં આવી હોય તેવી જમીનોના રૂપાંતરણ માટે અરજી કરવાની તારીખ વધુ લંબાવવા માટે, સખાવતને પ્રોત્સાહન આપતી સખાવતી સંસ્થાઓ પાસેથી રજૂઆતો મળી છે કારણ કે આવી સંસ્થાઓ વિવિધ કારણોસર સમયમર્યાદાની અંદર અરજી કરી શકી નથી અને આ કારણથી, આવી સંસ્થાઓ, સખાવતી કાર્ય શરૂ કરી શકી નથી.

તેથી, ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન અધિનિયમ, ૧૯૪૮ની કલમ ૬૩-કગ, સૌરાષ્ટ્ર ઘરખેડ, ગણોત વહીવટ પતાવટ અને ખેતીની જમીન વટહુકમ, ૧૯૪૯ની કલમ ૫૪-ખ અને ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન (વિદર્ભ પ્રદેશ અને કચ્છ ક્ષેત્ર) અધિનિયમ, ૧૯૫૮ની કલમ ૮૯-ગ માં જરૂરી સુધારા કરવા ધાર્યું છે. આ વિધેયકની કલમો ૨, ૩ અને ૪ થી, તે માટેની જોગવાઈ કરી છે.

આ વિધેયકથી, ઉપર્યુક્ત ઉદ્દેશો સિદ્ધ કરવા માટે સદરહુ ત્રણ ગણોત વહીવટ અધિનિયમો સુધારવા ધાર્યું છે.

**બલવંતસિંહ રાજપુત,**

## ધારાકીય સત્તા સોંપવાની યાદી

આ વિધેયકમાં, નીચેની બાબતોના સંબંધમાં ધારાકીય સત્તાની સોંપણીનો સમાવેશ થાય છે:-

**કલમ ૧.-** આ કલમની પેટા-કલમ (૨)થી, રાજય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, અધિનિયમ જે તારીખે અમલમાં આવશે તે તારીખ નક્કી કરવાની સત્તા મળે છે.

**કલમ ૨.-** આ કલમથી સુધારવા ધારેલી, ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન અધિનિયમ, ૧૯૪૮ની કલમ ૬૩કગ- ની પેટા-કલમ (૧) થી, રાજય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, સન ૨૦૧૫-ના જૂન મહિનાની ૩૦મી તારીખે અથવા તે પહેલાં ખરીદેલી જમીનને બિન-ખેતીવિષયક હેતુમાં ફેરવવા માટે, તેમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે જાહેર ટ્રસ્ટ અથવા કંપની જે સમયની અંદર કલેકટરને અરજી કરી શકશે તે સમય, નિર્દિષ્ટ કરવાની સત્તા મળે છે.

**કલમ ૩.-** આ કલમથી સુધારવા ધારેલી, સૌરાષ્ટ્ર ઘરખેડ, ગણોત વહીવટ પતાવટ અને ખેતીની જમીન વટહુકમ, ૧૯૪૯ની કલમ ૫૪ખ-ની પેટા-કલમ (૧) થી, રાજય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, સન ૨૦૧૫ના જૂન મહિનાની ૩૦મી તારીખે અથવા તે પહેલાં ખરીદેલી જમીનને બિન-ખેતીવિષયક હેતુમાં ફેરવવા માટે, તેમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે જાહેર ટ્રસ્ટ અથવા કંપની જે સમયની અંદર કલેકટરને અરજી કરી શકશે તે સમય, નિર્દિષ્ટ કરવાની સત્તા મળે છે.

**કલમ ૪.-** આ કલમથી સુધારવાધારેલી, ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન (વિદર્ભ પ્રદેશ અને કચ્છ ક્ષેત્ર) અધિનિયમ, ૧૯૫૮ની કલમ ૮૯ગ-ની પેટા-કલમ (૧) થી, રાજય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, સન ૨૦૧૫ ના જૂન મહિનાની ૩૦મી તારીખે અથવા તે પહેલાં ખરીદેલી જમીનને બિન-ખેતીવિષયક હેતુમાં ફેરવવા માટે, તેમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે જાહેર ટ્રસ્ટ અથવા કંપની જે સમયની અંદર કલેકટરને અરજી કરી શકશે તે સમય, નિર્દિષ્ટ કરવાની સત્તા મળે છે.

ઉપર્યુક્ત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

તારીખ: ૨૫ મી જાન્યુઆરી, ૨૦૨૪. **બલવંતસિંહ રાજપુત.**

## પુરવણી

## ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન અધિનિયમ, ૧૯૪૮ (સન ૧૯૪૮ના મુંબઇના ૬૭મા) માંથી ઉતારા.

---

આ સુધારા અધિનિયમ, ૨૦૧૫ના આરંભની પહેલાં જમીન ખરીદવામાં આવી હોય, તો જમીનને બિન-ખેતીવિષયક હેતુમાં ફેરવવા (રૂપાંતરિત કરવા) બાબત.

**૬૩કગ.** (૧) કલમ ૬૩ અથવા ૬૩કઘ-માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, પણ તત્સમયે અમલમાં હોય તેવા બીજા કોઈ કાયદાની જોગવાઈઓને અધીન રહીને, ગુજરાત સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ, ૧૯૫૦ હેઠળ સખાવતી હેતુ માટે સાર્વજનિક ટ્રસ્ટ તરીકે રજિસ્ટર થયેલી કોઈ સંસ્થા અથવા જેના ઉદ્દેશો પૈકીનો એક ઉદ્દેશ સખાવતી પ્રવૃત્તિઓને ઉત્તેજન આપવાનો હોય અને સદરહુ અધિનિયમની કલમ ૮ની જોગવાઇઓ જેને લાગુ પડતી હોય તેવી કંપની અધિનિયમ, ૨૦૧૩ હેઠળ રજિસ્ટર થયેલી કોઇ કંપનીએ, સન ૨૦૧૫ના જૂન મહિનાની ૩૦મી તારીખે અથવા તે પહેલાં, કલમ ૬૩ની પેટા-કલમ (૧)ની જોગવાઈઓનું ઉલ્લંઘન કરીને જમીન ખરીદી હોય, તો ધાર્મિક, આરોગ્ય, શિક્ષણ-ના ક્ષેત્ર અને સામાજિક ક્ષેત્રમાં કામ કરતી આવી સંસ્થા, ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૧૯ના આરંભથી એક વર્ષની અંદર, આવી જમીનને બિન-ખેતીવિષયક હેતુમાં ફેરવવા માટે કલેક્ટરને અરજી કરવા હકદાર રહેશે.

સન ૧૯૫૦નો મુંબઇનો ૨૯મો.

સન ૨૦૧૩નો ૧૮ મો.

સન ૨૦૧૯નો ગુજરાતનો ૧૮ મો.

(૨) XXX XXX XXX

## પુરવણી

## સૌરાષ્ટ્ર ઘરખેડ, ગણોત વહીવટ પતાવટ અને ખેતીની જમીન વટહુકમ, ૧૯૪૯ (સન ૧૯૪૯ના સૌરાષ્ટ્ર વટહુકમ ૪૧મા) માંથી ઉતારા.

---

આ સુધારા અધિનિયમ, ૨૦૧૫ના આરંભ પહેલાં જમીન ખરીદવામાં આવી હોય, તો જમીનને બિન-ખેતીવિષયક હેતુમાં ફેરવવા (રૂપાંતરિત કરવા) બાબત.

**૫૪ખ.** (૧) કલમ ૫૪ અથવા ૭૫ક-માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, પણ તત્સમયે અમલમાં હોય તેવા બીજા કોઈ કાયદાની જોગવાઈઓને અધીન રહીને, ગુજરાત સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ, ૧૯૫૦ હેઠળ સખાવતી હેતુ માટે સાર્વજનિક ટ્રસ્ટ તરીકે રજિસ્ટર થયેલી કોઈ સંસ્થા અથવા જેના ઉદ્દેશો પૈકીનો

સન ૧૯૫૦નો મુંબઇનો ૨૯મો.

એક ઉદ્દેશ સખાવતી પ્રવૃત્તિઓને ઉત્તેજન આપવાનો હોય અને સદરહુ અધિનિયમની કલમ ૮ની જોગવાઇઓ જેને લાગુ પડતી હોય તેવી, કંપની અધિનિયમ, ૨૦૧૩ હેઠળ રજિસ્ટર થયેલી કોઇ કંપનીએ, સન ૨૦૧૫ના જૂન મહિનાની ૩૦મી તારીખે અથવા તે પહેલાં, કલમ ૫૪ની પેટા-કલમ (૧)ની જોગવાઈઓનું ઉલ્લંઘન કરીને જમીન ખરીદી હોય, તો ધાર્મિક, આરોગ્ય, શિક્ષણ-ના ક્ષેત્ર અને સામાજિક ક્ષેત્રમાં કામ કરતી આવી સંસ્થા, ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૧૯ના આરંભથી એક વર્ષની અંદર, આવી જમીનને બિન-ખેતીવિષયક હેતુમાં ફેરવવા માટે કલેક્ટરને અરજી કરવા હકદાર રહેશે.

**સન ૨૦૧૩નો ૧૮ મો.**

**સન ૨૦૧૯નો ગુજરાતનો ૧૮ મો.**

(૨) XXX XXX XXX

## પુરવણી

## ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન (વિદર્ભ પ્રદેશ અને કચ્છ ક્ષેત્ર) અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઇના ૯૯મા) માંથી ઉતારા.

---

**આ સુધારા અધિનિયમ, ૨૦૧૫ના આરંભ પહેલાં ખરીદેલી જમીનને બિન-ખેતીવિષયક હેતુમાં ફેરવવા (રૂપાંતરિત કરવા) બાબત.**

**૮૯-ગ.** (૧) કલમ ૮૯ અથવા ૮૯-ઘ માં ગમે તે મજકૂર હોય તે છતાં, પણ તત્સમયે અમલમાં હોય તેવા બીજા કોઈ કાયદાની જોગવાઈઓને અધીન રહીને, ગુજરાત સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ, ૧૯૫૦ હેઠળ સખાવતી હેતુ માટે સાર્વજનિક ટ્રસ્ટ તરીકે રજિસ્ટર થયેલી કોઈ સંસ્થા અથવા જેના ઉદ્દેશો પૈકીનો એક ઉદ્દેશ સખાવતી પ્રવૃત્તિઓને ઉત્તેજન આપવાનો હોય અને સદરહુ અધિનિયમની કલમ ૮ની જોગવાઇઓ જેને લાગુ પડતી હોય તેવી કંપની અધિનિયમ, ૨૦૧૩ હેઠળ રજિસ્ટર થયેલી કોઇ કંપનીએ, સન ૨૦૧૫ના જૂન મહિનાની ૩૦મી તારીખે અથવા તે પહેલાં, કલમ ૮૯ની પેટા-કલમ (૧)ની જોગવાઈઓનું ઉલ્લંઘન કરીને જમીનની ખરીદી કરી હોય, તો ધાર્મિક, આરોગ્ય, શિક્ષણ-ના ક્ષેત્ર અને સામાજિક ક્ષેત્રમાં કામ કરતી આવી સંસ્થા, ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૧૯ના આરંભથી એક વર્ષની અંદર, આવી જમીનને બિન-ખેતીવિષયક હેતુમાં ફેરવવા માટે, કલેકટરને અરજી કરવા હકદાર રહેશે.

**સન ૧૯૫૦નો મુંબઇનો ૨૯મો.**

**સન ૨૦૧૩નો ૧૮ મો.**

**સન ૨૦૧૯નો ગુજરાતનો ૧૮ મો.**

(૨) XXX XXX XXX

**ગુજરાત વિધાનસભા સચિવાલય**

**[સન ૨૦૨૪નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૧ .]**

**ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન અધિનિયમ,૧૯૪૮, સૌરાષ્ટ્ર ઘરખેડ, ગણોત વહીવટ પતાવટ અને ખેતીની જમીન વટહુકમ, ૧૯૪૯ અને ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન (વિદર્ભ પ્રદેશ અને કચ્છ ક્ષેત્ર) અધિનિયમ, ૧૯૫૮ વધુ સુધારવા બાબત વિધેયક.**

**[શ્રી બલવંતસિંહ રાજપુત,**

**શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી.]**

**(સન ૨૦૨૪ના જાન્યુઆરી મહિનાની ૨૫ મી તારીખે ગુજરાત સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ કર્યા મુજબ)**

**ડી. એમ. પટેલ,**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**

**THE GUJARAT TENANCY AND AGRICULTURAL LANDS LAWS (AMENDMENT) BILL, 2024.**

**GUJARAT BILL NO. 1 OF 2024.**

***A BILL***

*further to amend the Gujarat Tenancy and Agricultural Lands Act, 1948, the Saurashtra Gharkhed, Tenancy Settlement and Agricultural Lands Ordinance, 1949 and the Gujarat Tenancy and Agricultural Lands (Vidarbha Region and Kutch area) Act, 1958.*

It is hereby enacted in the Seventy-fifth Year of the Republic of India as follows:-

1. (1) This Act may be called the Gujarat Tenancy and Agricultural Lands Laws (Amendment) Act, 2024. **Short title and commencement.**

(2) It shall come into force on such date as the State Government may, by notification in the *Official Gazette*, appoint.

Amendment of Section 63AC of Bom. LXVII Of 1948.

**2**. In the Gujarat Tenancy and Agricultural Lands Act, 1948, in section 63AC, in sub-section (1), for the portion beginning with the words "within one year" and ending with the words "to the Collector for conversion of such land into non-agricultural purpose.", the following portion shall be substituted, namely:- Bom. LXVII of 1948.

"within such time as may be specified by the State Government, by notification in the *Official Gazette*, from time to time to the Collector for conversion of such land into non-agricultural purpose.".

Amendment of Section 54B of Sau. Ord. XLI of 1949.

**3.** In the Saurashtra Gharkhed, Tenancy Settlement and Agricultural Lands Ordinance, 1949, in section 54B, in sub-section (1), for the portion beginning with the words "within one year" and ending with the words "to the Collector for conversion of such land into non-agricultural purpose.", the following portion shall be substituted, namely:- Sau. Ord. XLI of 1949.

"within such time as may be specified by the State Government, by notification in the *Official Gazette*, from time to time to the Collector for conversion of such land into non-agricultural purpose.".

Amendment of Section 89C of Bom. XCIX of 1958.

**4.** In the Gujarat Tenancy and Agricultural Lands (Vidarbha Region and Kutch Area) Act, 1958, in section 89C, in sub-section (1), for the portion beginning with the words "within one year" and ending with the words "to the Collector for conversion of such land into non-agricultural purpose", the following portion shall be substituted, namely:- Bom. XCIX of 1958.

"within such time as may be specified by the State Government, by notification in the *Official Gazette*, from time to time to the Collector for conversion of such land into non-agricultural purpose.".

## STATEMENT OF OBJECTS AND REASONS

At present there are three different tenancy laws in operation in the State. In the Bombay area of the State of Gujarat, the Gujarat Tenancy and Agricultural Lands Act, 1948 is in force, in the Kutch area of the state of Gujarat, the Gujarat Tenancy and Agricultural Lands (Vidarbh Region and Kutch Area) Act, 1958 is in force, whereas in the Saurashtra area of the State of Gujarat, the Saurashtra Gharkhed, Tenancy Settlement and Agricultural Lands Ordinance, 1949 is in force.

Section 63 AC of the Gujarat Tenancy and Agricultural Lands Act, 1948 inter alia, provides that the institutions mentioned in the said provision shall be entitled to apply for conversion of land to non-agricultural purpose if the land in question is purchased by such institutions on or before 30th June, 2015. Similar provisions have been made in section 54B of Saurashtra Gharkhed, Tenancy Settlement and Agricultural Lands Ordinance, 1949 and section 89 C of the Gujarat Tenancy and Agricultural Lands (Vidarbh Region and Kutch Area) Act, 1958.

However, representations have been received from charitable institutions promoting charity to further extend the date for making application for conversion of such lands purchased on or before 30th June, 2015 as such institutions have not been able to apply within time limit due to various reasons and because of this, such institutions have not been able to start charity work.

Necessary amendments are therefore, proposed in section 63AC of the Gujarat Tenancy and Agricultural Lands Act, 1948, section 54B of the Saurashtra Gharkhed, Tenancy Settlement and Agricultural Lands Ordinance, 1949 and section 89C of the Gujarat Tenancy and Agricultural Lands (Vidarbh Region and Kutch Area) Act, 1958. Clauses 2, 3, and 4 of this Bill provide for the same.

This Bill seeks to amend the said three Tenancy Acts to achieve the aforesaid objects.

**BALVANTSINH RAJPUT,**

## MEMORANDUM REGARDING DELEGATED LEGISLATION

This Bill provides for delegation of legislative powers in the following respects:-

***Clause 1.* -** Sub-clause (2) of this clause empowers the State Government to appoint by notification in the *Official Gazette,* the date on which the Act shall come into force.

***Clause 2.* -** Sub-section (1) of section 63AC of the Gujarat Tenancy and Agricultural Lands Act, 1948 proposed to be amended by this clause empowers the State Government to specify, by notification in the *Official Gazette,* the time within which the application may be made by the public trust or the company as specified therein, to the Collector for conversion of land, purchased on or before 30th June, 2015, into non-agricultural purpose.

***Clause 3.* -** Sub-section (1) of section 54B of the Saurashtra Gharkhed, Tenancy Settlement and Agricultural Lands Ordinance, 1949 proposed to be amended by this clause empowers the State Government to specify, by notification in the *Official Gazette,* the time within which the application may be made by the public trust or the company as specified therein, to the Collector for conversion of land, purchased on or before 30th June, 2015, into non-agricultural purpose.

***Clause 4.* -** Sub-section (1) of section 89C of the Gujarat Tenancy and Agricultural Lands (Vidarbha Region and Kutch Area) Act, 1958 proposed to be amended by this clause empowers the State Government to specify, by notification in the *Official Gazette,* the time within which the application may be made by the public trust or the company as specified therein, to the Collector for conversion of land, purchased on or before 30th June, 2015, into non-agricultural purpose.

The delegation of the legislative power as aforesaid is necessary and is of a normal character.

Dated the 25th January, 2024. **BALVANTSINH RAJPUT.**

*ANNEXURE*

## EXTRACT FROM THE GUJARAT TENANCY AND AGRICULTURAL LANDS ACT, 1948.
## ( Bom. LXVII. Of 1948)

**Conversion of land into non-agricultural purpose if the land is purchased before the commencement of Amending Act, 2015.**

**63AC.** (1) Notwithstanding anything contained in Section 63 or 63AD but subject to the provisions of any other law for the time being in force, any institution registered as a public trust for charitable purpose under the Gujarat Public Trusts Act, 1950, or any company registered under the Companies Act, 2013 which has in its objects the promotion of charity and to which provisions of Section 8 of the said Act are applicable, has purchased the land in contravention of the provisions of sub-section (1) of Section 63 on or before the 30th June, 2015. such institution working in the field of religious, health, education and social sector shall be entitled to make an application within one year from the commencement of the Gujarat Tenancy and Agricultural Lands Laws (Amendment) Act, 2019, to the Collector for conversion of such land into non-agricultural purpose.

**Bom. XXIX of 1950.**
**18 of 2013.**
**Guj. 18 of 2019.**

(2) XXX XXX XXX

*ANNEXURE*

## EXTRACT FROM THE SAURASHTRA GHARKHED, TENANCY SETTLEMENT AND AGRICULTURAL LANDS ORDINANCE, 1949.
## ( Sau. Ord. XLI of 1949)

**Conversion of land into non-agricultural purpose if the land is purchased before the commencement of Amending Act, 2015.**

**54B.** (1) Notwithstanding anything contained in Section 54 or 75A but subject to the provisions of any other law for the time being in force, any institution registered as a public trust for charitable purpose under the Gujarat Public Trusts Act, 1950, or any company registered under the Companies Act, 2013 which has in its objects the promotion of charity and to which provisions of Section 8 of the said Act are applicable, has purchased the land in contravention of the provisions of sub-section (1) of Section 54 on or before the 30th June, 2015. such institution working in the field of religious, health, education and social sector shall be entitled to make an application within one year from the commencement of the Gujarat Tenancy and Agricultural Lands Laws (Amendment) Act, 2019, to the Collector for conversion of such land into non-agricultural purpose.

**Bom. XXIX of 1950.**
**18 of 2013.**
**Guj. 18 of 2019.**

(2) XXX XXX XXX

## *ANNEXURE*

## EXTRACT FROM THE GUJARAT TENANCY AND AGRICULTURAL LANDS (VIDARBHA REGION AND KUTCH AREA) ACT, 1958.
## ( Bom. XCIX of 1958)

**Conversion of land into non-agricultural purpose if the land is purchased before the commencement of Amending Act, 2015.**

**89C.** (1) Notwithstanding anything contained in section 89 or 89D but subject to the provisions of any other law for the time being in force, any institution registered as a public trust for charitable purpose under the Gujarat Public Trusts Act, 1950, or any company registered under the Company Act, 2013 which has in its objects the promotion of charity and to which provisions of section 8 of the said Act are applicable, has purchased the land in contravention of the provisions of sub-section (1) of section 89 on or before the 30th June, 2015.

**Bom. XXIX of 1950.**

**18 of 2013.**

such institution working in the field of religious; health, education and social sector shall be entitled to make an application within one year from the commencement of the Gujarat Tenancy and Agricultural Lands Laws (Amendment) Act, 2019, to the Collector for conversion of such land into non-agricultural purpose.

**Guj. 18 of 2019.**

(2) XXX XXX XXX

**GUJARAT LEGISLATURE SECRETARIAT**

**GUJARAT BILL NO. 1 OF 2024.**

*A BILL*

*further to amend the Gujarat Tenancy and Agricultural Lands Act, 1948, the Saurashtra Gharkhed, Tenancy Settlement and Agricultural Lands Ordinance, 1949 and the Gujarat Tenancy and Agricultural Lands (Vidarbha Region and Kutch area) Act, 1958.*

**[ SHRI BALVANTSINH RAJPUT,**
**MINISTER FOR LABOUR, SKILL DEVELOPMENT AND EMPLOYMENT]**

**(**As published in the Gujarat Government Gazette of 25th January, 2024**)**

**D. M. Patel,**
**Secretary,**
**Gujarat Legislative Assembly.**

**----------**

Government Central Press, Gandhinagar.